75
स्वराज की शाला - शिशुविहार
२०२१-२०२२
स्वातंत्र्य - अमृत महोत्सव

# શિશુવિહાર

પ્રથમ અંક : મે ૧૯૪૪ સદ્વિચારને આચરણમાં મૂકતી સંસ્થાનું સમાચાર પત્ર

સળંગ અંક : ૯૨૪ • ૧૫ મે ૨૦૨૨ • પાના : ૩૨ • વાર્ષિક લવાજમ રૂ.૫૦

## ધર્મ અને પારિવારિક રીત રિવાજોના સંસ્કારનો વારસો શાળા પરિસરથી હટાવી વાલીઓને સોંપીએ




શિશુવિહાર પ્રાંગણમાં સતત ૨૦માં વર્ષે 'શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ સ્મૃતિ વ્યાખ્યાનમાળા'માં દેશના જાણીતા પત્રકાર શ્રી નાસીરાબહેન શર્માનું વકતવ્ય યોજાયું.

વર્ષ ૨૦૦૨થી પ્રારંભાયેલ 'શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ સ્મૃતિ વ્યાખ્યાનમાળા' અંતર્ગત વિશ્વગ્રામ તથા સમન્વય સંસ્થાના શિક્ષકોને તથા ભાવનગરના પ્રબુદ્ધ નાગરિકોને સંબોધન કરતા ઈરાન અને ઈરાકમાં પત્રકારની હેસિયતથી ૧૦૦થી વધુ બાળકોને મુક્ત કરાવનાર શ્રી નાસિરાબહેને જણાવ્યું કે સાંપ્રદાયિક સૌહાર્દ જ દેશના હિતમાં રહેશે.

તંત્રી, પ્રકાશક, મુદ્રકઃ ડૉ. નાનકભાઈ ભટ્ટ

❀ પ્રકાશન સ્થળ ❀

શ્રી માનભાઈ ભટ્ટ • સ્થાપક : શિશુવિહાર

શિશુવિહાર, પ્લોટ નંબર ૫૦૭, ઉત્તર કૃષ્ણનગર, ભાવનગર, ૩૬૪૦૦૧
Website: www.shishuvihar.in Email: shishuviharbhavnagar@gmail.com
Facebook: Shishuvihar Bhavnagar Phone: (0278)2512850



તા.૧૭ એપ્રિલ રવિવારનાં રોજ જાણીતા સમાજસેવી શ્રી સંજય ભાવસાર, લોકભારતી ગ્રામ વિદ્યાપીઠ યુનિવર્સિટીના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી અરુણભાઈ દવેની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલ વક્તવ્ય પ્રસંગે શિશુવિહારના મંત્રી ડૉ. નાનકભાઈ ભટ્ટ દ્વારા શાબ્દિક સ્વાગત કરતા જણાવાયું કે શિશુવિહાર વિસ્તાર સાંપ્રદાયિક સૌહાર્દની વિચારણા માટેનો શ્રેષ્ઠ પરિસર છે જે ભાવનગર માટે પ્રેરણાદાયી બની રહેશે.



આ પ્રસંગે લોકભારતી ગ્રામવિદ્યાપીઠને રાષ્ટ્રીય સ્તરે મૂકનાર શ્રી અરુણભાઈ દવેનું મોમેન્ટો, ખેસ, પુસ્તક સંપૂટથી વિશેષ અભિવાદન કરવામાં આવ્યું હતું. વિશ્વગ્રામથી સમગ્ર રાષ્ટ્રમાં સૌહાર્દની કાળજી લેતા શ્રી સંજયભાઈએ ભૂમિકા આપી હતી. શ્રી દર્શનાબહેન ભટ્ટની પ્રાર્થના પ્રસ્તુતિ બાદ ગાંધી વિચારની એક ગઝલ મુંબઈથી પધારેલ ગાયક શ્રી ફરાઝખાનના સુંદર સ્વરોમાં રજૂ કરવામાં આવી.




હનુમાન જયંતિએ ચિત્રકૂટધામમાં 'સદ્‌ભાવના' ઍવોર્ડથી સન્માનિત શ્રી નાસિરાબહેન દ્વારા પત્રકારત્વના અનુભવે ગાંધીવાદી વિચારના નાતે 'ભારતીય સંસ્કૃતિ અને સમન્વયની સૌરભ' વિષયે પોતાનાં વિશ્વ પ્રવાસ અને પત્રકારત્વના સૂક્ષ્મ અવલોકનથી મૂલવતા જણાવ્યું કે, શૌર્ય, ધર્મ યજ્ઞ, સ્વાધીનતા જેવા આચારો ભલે આગળ કરાતા હોય પરંતુ જમીની હકીકતે આવા વિચારો લોકશાહી માળખામાં વર્ણ, વર્ગ, જ્ઞાતિભેદને પોષણ આપનાર બને છે, સરવાળે ગરીબ માણસને પીડા આપે છે.

કાર્યક્રમના બીજા સત્રમાં સોહાર્દ વિષય લઈને યોજી શકાય તેવા ઉપક્રમો યોજવા અંગે વિચારણા થઈ હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. ડૉ. શ્રી છાયાબહેન પારેખ દ્વારા કરવામાં આવ્યું હતું તથા આભારવિધિ શ્રી વિક્રમભાઈ મૂળશંકરભાઈ ભટ્ટે કરી હતી.









## જાહ્નવી સ્મૃતિ સન્માન શ્રી કિસ્મત કુરેશી અભિવાદન વર્ષ ૨૦૨૨




શિશુવિહાર બુધસભાના ઉપક્રમે વિશ્વ સાહિત્ય સર્જક દિન ૯ એપ્રિલે 'જાહ્નવી સ્મૃતિ કવયિત્રી સન્માન' તથા ગઝલકાર શ્રી કિસ્મતભાઈ કુરેશી કવિ અભિવાદન સમારોહ યોજાઈ ગયો.





વર્ષ ૧૯૮૦થી કાર્યરત બુધસભામાં બહેનો પોતાની સંવેદનાઓ કલમના સથવારે કાગળ ઉપર ઉતારે તેવી ભાવનાથી વર્ષ ૧૯૯૫થી જાહ્નવી સ્મૃતિ નામે પ્રતિવર્ષ પ્રકાશિત કવયિત્રી રચનાઓના ૨૩ પુસ્તિકાના ઉપક્રમને બદલી વર્ષ ૨૦૧૭થી કવયિત્રી સન્માન યોજવામાં આવે છે. રૂ.૧૧૦૦૦/-ના રોકડ પુરસ્કાર ઉપરાંત ટ્રોફી, પુસ્તક સંપુટ અને ખેસથી સન્માનિત કવયિત્રી તરીકે વર્ષ ૨૦૨૨માં નારીવાદી કવયિત્રી ડૉ. સરુપબહેન ધ્રુવનું અભિવાદન થયું. સળગતી હવાઓ, શહેરનામા પ્રકારે અનેક લોકપ્રિય કવિતાસંગ્રહ, નાટકો તથા ઈતિહાસની સ્તુત્યતા પ્રગટ કરતા પ્રકાશનો આપનાર ડૉ. સરુપબહેનનું અભિવાદન ગુજરાતી સાહિત્ય જગતમાં અનેરું પ્રદાન કરનાર ડૉ. કાલિન્દીબહેન પરીખ તથા પ્રા. ડૉ. વિનોદભાઈ જોષી દ્વારા થયું.



શિશુવિહાર સંસ્થાના પ્રમુખ શ્રી રાજેન્દ્રભાઈ દવે, પદ્મશ્રી મુનિભાઈ મહેતા તથા બુધસભા કવિવૃંદની વિશેષ ઉપસ્થિતિમાં ભાવનગરના ગઝલકાર શ્રી કિસ્મતભાઈ કુરેશીની સ્મૃતિમાં વર્ષ ૨૦૧૨થી પ્રતિવર્ષ યોજાતા કવિ મુશાયરાના ઉપક્રમને વધુ આવકારદાયી રાખતા વર્ષ ૨૦૨૨થી પ્રારંભાયેલ ગઝલકાર અભિવાદન અંતર્ગત કવિ રઈશ મનિઆરનું રૂ.૧૧,૦૦૦/- ટ્રોફી તથા પુસ્તક સંપુટથી અભિવાદન કરવામાં આવ્યું હતું.





શિશુવિહાર પ્રાંગણમાં ૨૧૭૮ અઠવાડિયાથી સાતત્યપૂર્ણ રીતે ચાલતી બુધસભા તથા વર્ષ ૧૯૪૦માં સ્થાપિત ગોખલે જ્ઞાન મંદિર દ્વારા ચાલતી સાહિત્ય સંવર્ધન પ્રવૃત્તિને ઉપસ્થિત વિદ્વાનોએ આવકારી હતી. ગુજરાતી ભાષાને 'સ્ત્રી સંત' પુસ્તક દ્વારા ૪૨ ઉજ્જવળ નારી ચારિત્ર્ય આપનાર શ્રી ભાગીરથીબહેન મહેતા પરિવારનાં સભ્ય અને ઝંકાર સાહિત્ય વૃંદ (વડોદરા)ના અધ્યક્ષ શ્રી ઈલાબહેન મહેતાએ આભાર દર્શન કર્યું. કાર્યક્રમનું સંચાલન બુધસભાનાં વરિષ્ઠ કવયિત્રી શ્રી નેહાબહેન પુરોહિતે સંભાળ્યું હતું.

## શિશુવિહાર પ્રાંગણમાં યોજાયેલ વિશિષ્ટ પ્રવૃત્તિઓ



• ભાવનગરનાં ઔદ્યોગિક વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપનાર ઍક્સેલ ઈન્ડસ્ટ્રિઝનાં વર્ષ ૧૯૭૦-૯૦ના વર્કશોપના સુપરવાઈઝર્સ અને મેનેજર ગૃપની એક બેઠક તારીખ ૨ એપ્રિલે બુધસભા હૉલમાં યોજાઈ. શિશુવિહાર સંસ્થાની સર્વાંગી પ્રવૃત્તિ સાથે સતત સહયોગી રહેલ શ્રી નાથુભાઈ પ્રજાપતિના અધ્યક્ષસ્થાને યોજાયેલ બેઠકમાં ૫૦ મિત્રો સહભાગી થયા હતા.



• શ્રી જગદીપભાઈ વિરાણી ફાઉન્ડેશનના ઉપક્રમે ભાવનગરની જાણીતી કલા સંસ્થા સપ્તકલાના સ્થાપના દિન પ્રસંગે સુગમ સંધ્યા યોજાઈ. તારીખ ૨ એપ્રિલે ડૉ. હિતેનભાઈ ભટ્ટ તથા મનોજભાઈ શુકલના સંયોજનથી યોજાયેલ કાર્યક્રમમાં પ્રાધ્યાપક શ્રી ગિરિરાજ ભોજક, ડૉ. ફિરદૌસ દેખૈયા, શ્રી કમલેશ મહેતા અને શ્રી શિલ્પા અંધારિયાનાં સ્વરમાં ગુજરાતી ગીતો

પ્રસ્તુત થયાં હતાં. નાગર પરિષદના સહયોગથી યોજાયેલ કાર્યક્રમને માણવા ૩૫૦થી વધુ શ્રોતાઓ ઉપસ્થિત રહ્યા હતા. સપ્તકલા પ્રારંભકાળથી સહયોગી શિશુવિહાર રંગમંચે આ પ્રસંગે તમામ ગાયકો અને વાદ્ય સંગત કરનાર કલાકારોનું અભિવાદન કર્યું હતું.



• ‘શાર્દુલ શિશુવિહાર’ નામથી ગુજરાતભરમાં કાર્યાન્વિત બાળ સંસ્કાર જૂથનો વાર્ષિકોત્સવ ૩ એપ્રિલે સંસ્થાનાં ઑડિટોરિયમમાં યોજાયો. શ્રી કૃણાલભાઈ મહેતાના સંયોજન તળે ૪૦૦ બાળકો અને તેના વાલીઓએ સવારે ૯ થી ભોજન સુધી વૈદિક સંસ્કારને વિસ્તારતા વિવિધ કાર્યક્રમો યોજ્યા હતા.

• શ્રી સિહોર સંપ્રદાય બ્રાહ્મણ જ્ઞાતિના મેડિકલ, એન્જિનિયરિંગ, ફાર્મસી, સાયન્સ, આર્ટસ તથા કોમર્સ વિષયમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને વર્ષ ૨૦૨૧-૨૨ની શિષ્યવૃતિ આપવાનો તથા જ્ઞાતિની વિશિષ્ટ પ્રતિભાઓને પુરસ્કૃત કરવાનો સન્માન સમારોહ ૩ એપ્રિલે શિશુવિહારમાં યોજાયો. ભાવનગર શહેરના જાણીતા શિક્ષણવિદ્ શ્રી નિરવભાઈ દવેના અધ્યક્ષ સ્થાને યોજાયેલ સમારોહમાં ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહી વિદ્યોત્તેજક સહાય પ્રાપ્ત કરી હતી. કાર્યક્રમનું સંકલન પ્રા. ડૉ. રોહિતભાઈ દવેના માર્ગદર્શન હેઠળ સંપન્ન થયું હતું.





• અનંત મ્યુઝિકલ ગ્રુપનો કરાઓકે સંગીત કાર્યક્રમ ૩ એપ્રિલ રવિવારે સાંજના સંસ્થા રંગમંચ ઉપર પ્રસ્તુતિ પામ્યો. ૩૦૦થી વધુ સુજ્ઞ શ્રોતાઓની ઉપસ્થિતિમાં યોજાયેલ જૂની હિન્દી ફિલ્મોના ગીતોનો કાર્યક્રમ સફળ રીતે સંપન્ન થયો હતો.






• ભાવનગર સ્વામી સહજાનંદ કૉલેજ ઑફ કોમર્સ ઍન્ડ મેનેજમેન્ટનાં ૧૮માં ‘વાર્ષિકોત્સવ પ્રસંગે’ સ્વતંત્રતાનો શાશ્વતભાવ વર્તમાન ભાવિ પેઢીમાં 'Live For Nation' થી ઉજાગર કરવા NSS નાં સ્વયં સેવકો દ્વારા ગાંધી પદયાત્રા યોજવામાં આવેલ. જેમાં શિશુવિહાર સંસ્થાના મંત્રી ડૉ. નાનકભાઈ ભટ્ટ દ્વારા યુવકોની પદયાત્રાને પ્રસ્થાન કરાવવામાં આવી હતી. આ પ્રસંગ દેશના ભાવિ નાગરિકોને પ્રોત્સાહિત કરતા શ્રી નાનકભાઈ ભટ્ટે જીવનમાં પ્રત્યક્ષ કાર્યના મહત્વ અને શિક્ષણના અનુબંધને ઉજાગર કર્યું હતું. કૉલેજના આચાર્યશ્રી ડૉ. હેતલબહેન મહેતા દ્વારા શ્રી નાનકભાઈનું વિશેષ અભિવાદન થયું હતું. યુનિવર્સિટીના રજિસ્ટ્રારશ્રીની વિશેષ ઉપસ્થિતિમાં ૩૦૦થી વધુ યુવકો પદયાત્રામાં જોડાયા હતા.



• ભાવનગરના જાણીતા ઉદ્યોગ સુમીટોમો કેમિકલ ઈન્ડિયાના હ્યુમન રિસોર્સ વિભાગમાંથી નિવૃત્ત થતાં અધિકારી શ્રી આશાબહેન ધાનાણીનો વિદાય સમારોહ સંસ્થાના બુધસભા હૉલમાં યોજાયો. ૮ એપ્રિલે સાંજના ૭ થી ભોજન સુધી યોજાયેલ સમારોહમાં વિભાગના ૫૦ કર્મચારીઓ જોડાયા હતા.



• દુર્ગા ઉત્સવ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા બંગાળી નૂતનવર્ષ પ્રસંગે રંગારંગ કાર્યક્રમ ૧૫ એપ્રિલે સંસ્થા રંગમંચ ઉપર યોજાયો. કાર્યક્રમનું સંકલન શ્રી અમિતભાઈ ભટ્ટાચાર્યે કર્યું હતું. ૧૧૦થી વધુ બંગાળી પરિવારોએ મોડી રાત સુધી શિશુવિહાર બાલદેવવનના રમ્ય વાતાવરણમાં સ્નેહમિલન અને ભોજનનો આનંદ લીધો હતો.




• સૂર સંગમ સંસ્થાની ૫૭મી સંગીત સંધ્યા ૧૭ એપ્રિલે રંગમંચ પ્રસ્તુતિ પામી. શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ તથા શ્રી દેવેન્દ્રભાઈ મહેતાના સહયોગથી યોજાયેલ હિન્દી ફિલ્મોના સંગીત કાર્યક્રમને માણવા માટે ૩૫૦ શ્રોતાઓ પધાર્યા હતા.




• નટરાજ કલા સંસ્થા દ્વારા 'હમ તો ચલે પરદેશ' ટાઈટલથી જૂનાં હિન્દી ફિલ્મી ગીતોનો કાર્યક્રમ ૨૪ એપ્રિલે રંગમંચ પ્રસ્તુતિ પામ્યો. શ્રી પિંકીબહેન કેતનભાઈ આવત્સથીની પરિકલ્પના આધારિત સંસ્થાની ૧૨૬મી સંગીત સંધ્યાને માણવા માટે ૪૦૦થી વધુ શ્રોતાઓ પધાર્યા હતા.

• મંગળ ચેરિટેબલ ટ્રસ્ટ ભાવનગરના ઉપક્રમે વડોદરામાં રહેતા ભાવનગરના નાગરિકોનું સ્નેહમિલન તારીખ ૨૪ એપ્રિલે ફેડરેશન હૉલ વડોદરામાં મળ્યું. ૬૮૦થી વધુ પરિવારજનોની પ્રેરક ઉપસ્થિતિમાં શિશુવિહાર સંસ્થાના મંત્રી ડૉ. નાનકભાઈ ભટ્ટે ભાવનગરના વિકાસની અનિવાર્યતા વિષયે વિચારો રજૂ કર્યા હતા તથા શિશુવિહારની સેવા પ્રવૃત્તિથી સહુને વિદિત કર્યા હતા.





૧૯૯૦-૯૧માં વડોદરામાં રહેતા શિશુવિહાર સંસ્થાના વિદ્યાર્થીઓ પદ્મશ્રી ડૉ. જ્યોતિભાઈ ભટ્ટ, કિશોરભાઈ વેલાણી, મૂકેશભાઈ ભટ્ટ, દીપકભાઈ અવરાણી, નીતિનભાઈ ભટ્ટ દ્વારા પ્રારંભાએલ પ્રવૃત્તિને શ્રી હિતેશભાઈ વિનાયકભાઈ ગોસ્વામી વિસ્તારી રહ્યા છે, જે અભિનંદનને પાત્ર બને છે.



• ભાવનગર જિલ્લા પંચાયત સંચાલિત ૨૮૫ શિક્ષકોને પૂર્ણ પગારનાં હુકમો આપી વિદ્યાસહાયકોને નિયમિત શિક્ષકો તરીકે નિયુક્ત કરવાનો કાર્યક્રમ તા. ૨૫ એપ્રિલે સંસ્થા ઑડિટોરિયમમાં યોજાઈ ગયો. જિલ્લા કલેક્ટરશ્રી અને વિકાસ અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ યોજાયેલ કાર્યક્રમનું સંકલન શ્રી મિતુલ રાવળે કર્યું હતું. સંમેલનમાં ૪૦૦ શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.



• નિરમા લિમિટેડના સહકારથી કાંઠા વિસ્તારના પછાત ગામોમાં યોજાતા આરોગ્ય શિબિર સાથે સંબંધિત ૧૨ ગામોના મુખ્ય શિક્ષકો સરપંચોની એક બેઠક શિશુવિહારમાં મળી હતી. આરોગ્ય શિબિરના આયોજન માટેની બેઠકમાં નિરમા ઉદ્યોગના CSR ના અધિકારીશ્રીઓ તેમજ ઉપસ્થિતોને ડૉ. અરવિંદભાઈ ત્રિવેદીએ માર્ગદર્શન આપ્યું હતું.

# શિશુવિહારનું અભિવાદન




વર્ષ ૨૦૧૪ થી ૨૦૨૦ દરમિયાન ભાવનગર શહેરની ૩૧૬ આંગણવાડીનાં અતિ કુપોષિત બાળકોને પ્રતિવર્ષ ૮૦,૨૬૫ થી વધુ પોષક આહારનો ખોરાક પૂરો પાડી ૨૬૦૪ બાળકોને સુ-પોષિત કરનાર શિશુવિહાર સંસ્થાનું આંગણવાડી સંમેલનમાં અભિવાદન થયું.

તા. ૧૫ એપ્રિલ અટલ બિહારી ઓડિટોરિયમમાં પ્રદેશ પ્રમુખ શ્રી સી.આર. પાટીલ, શિક્ષણ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી તથા બાળ વિકાસની અહરનીશ કાળજી લેતાં મહિલા અને બાળ વિકાસ વિભાગનાં પૂર્વ મંત્રી શ્રી વિભાવરીબહેન, માનનીય મેયરશ્રી તથા કમિશનરશ્રીની પ્રેરક ઉપસ્થિતિમાં વર્ષ ૨૦૨૨માં પણ સૌરાષ્ટ્ર ચેમ્બર ઑફ કોમર્સ તથા જિલ્લાનાં ઉદ્યોગો સંયુક્ત રીતે શહેરનાં ૨૬૨૯ કુ-પોષિત બાળકોની કાળજી લેવા અનુકૂળતા સાંપડી છે.

શહેરના ૩૧૬ આંગણવાડીમાં તાલીમ લેવા આવતા ૫૯૮ અતિકુપોષિત બાળકો તેમજ ૨૦૩૧ કુપોષિત બાળકો તેમ બંને મળી ૨૬૨૯ બાળકોને દર મહિને પોષક આહારનાં ૧૬ ડોઝ (હૈદ્રાબાદ મિક્ષ્ચર) પહોંચાડવાની વ્યવસ્થા ડિસ્ટ્રીક્ટ ચેમ્બર ઑફ કોમર્સ અને સૌરાષ્ટ્ર ચેમ્બર ઑફ કોમર્સના સહયોગથી યોજાશે. ભાવનગરની સેવા ઓળખ શિશુવિહારના સહયોગથી યોજાનાર પોષક આહાર કાર્યક્રમની સમિક્ષા ધારાસભ્ય શ્રી વિભાવરીબહેન દ્વારા તા.૧૩ એપ્રિલે યોજાયેલ.






## આરોગ્ય

## ૪૩૬ તથા ૪૩૭મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ:






શ્રી યોગેન્દ્રભાઈ કાંતિલાલ શાહના સૌજન્યથી સ્વ.ઈન્દુકાંતા ગુણવંતરાય પારેખની સ્મૃતિમાં શિશુવિહાર સંસ્થામાં ૪૩૬મો નેત્રયજ્ઞ તેમજ સ્વ. વડીલોની સ્મૃતિમાં શ્રી ભાવનાબહેન જાગૃતભાઈ ભટ્ટનાં સૌજન્યથી ૪૩૭મો નેત્રયજ્ઞ તારીખ ૨૨ એપ્રિલે શિશુવિહાર પ્રાંગણમાં યોજાયો.

ગુજરાત અંધત્વ નિયંત્રણ સોસાયટી તથા શિવાનંદ આઈ હૉસ્પિટલનાં સહયોગથી યોજાયેલ પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં ૯૭ દરદીઓની આંખ તપાસ વીરનગરના ડૉ. શુભમ સાહેબની ટીમ દ્વારા કરવામાં આવી. લાભાન્વિત દરદીઓને શિશુવિહાર પરિસરમાં 'ડૉ. શ્રીમતી મીનાક્ષીબહેન ભરતભાઈ ગરીવાલા' ભોજનાલયમાં સવારે ચા-નાસ્તો અને બપોરે ભોજન બાદ કેટ્રેક્ટ સર્જરી માટે ૧૩ દરદીઓને એટેન્ડન્ટ સાથે ખાસ બસમાં વિરનગર લઈ જવામાં આવ્યા. શ્રી ઉલ્લાસીનીબહેન કશ્યપભાઈ જાની (મુંબઈ) તરફથી ૧૩ દરદીઓને સોલાપુરી ચાદર ભેટ આપવામાં આવી.

દરદી દેવો ભવ:ની ભાવનાથી વર્ષ ૧૯૬૮થી ચાલતા પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં શિશુવિહાર સંસ્થાનાં તમામ કાર્યકરોએ સેવા આપી હતી.

### સુમીટોમો કેમિકલ્સ પ્રા. લિમિટેડનાં સૌજન્યથી
### નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત
### પ્રાથમિક શાળાઓમાં દૃષ્ટિ ચકાસણી અને ચશ્માં વિતરણ કાર્યક્રમ

| શિબિર ક્રમાંક | એપ્રિલ તારીખ | શાળા નંબર અને વિસ્તાર | દૃષ્ટિ ચકાસણી સંખ્યા | ચશ્માં વિતરણ સંખ્યા |
|---|---|---|---|---|
| ૭૯૬ | ૨ | ૦૩ કુંભારવાડા | ૪૫ | ૨૬ |
| ૭૯૭ | ૨ | ૦૪ કુંભારવાડા | ૩૮ | ૨૧ |
| | | એકંદર | | |
| | | | ૮૩ | ૪૭ |

સંચાલક: શ્રી રાજુભાઈ મકવાણા

## દરિયાકાંઠાં વિસ્તારનાં અત્યંત પછાત ગામોમાં પ્રારંભાયેલ આરોગ્ય શિબિર



શિશુવિહાર સંસ્થા આરોગ્ય પ્રવૃત્તિ અંતર્ગત નિરમા લિમિટેડનાં સૌજન્યથી તા.૧૩ એપ્રિલે ભાલ વિસ્તાનાં સનેસ ગામ ખાતે આરોગ્ય શિબિર યોજવામાં આવેલ. જેમાં ૩૨૫ ગ્રામજનોની આરોગ્ય તપાસ થઈ. તા.૧૯ એપ્રિલે ભાલ વિસ્તારનાં અધેલાઈ ગામ ખાતે આરોગ્ય શિબિર યોજવામાં આવેલ જેમાં ૨૫૮ ગ્રામજનોની આરોગ્ય તપાસ, ચશ્માં વિતરણ સાથે ગામની પ્રાથમિક શાળાનાં બાળકોની લોહીમાં હિમોગ્લોબીનની તપાસ કરી જરૂરિયાતમંદ દર્દીઓને દવા તથા ચશ્માંનું વિતરણ કરવામાં આવેલ. ગુજરાત ટી પ્રોસેસોર્સ એન્ડ પેકર્સ લિમિટેડ (વાઘ-બકરી ચા) તરફથી મળેલ એમ્બ્યુલન્સની સુવિધા થકી આ કાર્યક્રમ શિશુવિહારની આરોગ્ય ટીમનાં ડૉ. અરવિંદભાઈ ત્રિવેદી, શ્રી રમેશભાઈ પરમાર, શ્રી રેખાબહેન ભટ્ટ, શ્રી નિર્મોહીબહેન ભટ્ટ, શ્રી દીપાબહેન જોષી તથા નિરમા લિમિટેડનાં શ્રી કલ્પેશભાઈ પટેલ, ગામનાં સરપંચશ્રી મંજુબહેન ચુડાસમા, વિપુલભાઈ તથા આચાર્ય શ્રી ગજુભા તેમજ જયેશભાઈના સહયોગથી યોજવામાં આવેલ. આ પ્રસંગે સનેસ અને અધેલાઈની પ્રાથમિક શાળાનાં આચાર્યશ્રીઓને શાળા પુસ્તકાલય માટે ૫૦-૫૦ પુસ્તકો આપવામાં આવેલ. શિશુવિહાર દ્વારા CSR એક્ટિવીટી તરીકે યોજાતા આરોગ્ય શિબિર કાર્યક્રમનું સંકલન શ્રી હીનાબહેન ભટ્ટ તથા શ્રી રાજુભાઈ મકવાણાએ કર્યુ હતું.



### ફિઝિયોથૅરાપી તથા ફિટનેસ સેન્ટરઃ

શ્રી શેઠ પરિવાર પ્રેરિત ફિઝિયોથૅરાપી સેન્ટરમાં સવારે ૯:૩૦ થી ૧૨:૩૦ તથા સાંજના ૪:૩૦થી ૭ દરમિયાન શરીરનાં વિવિધ દુ:ખાવાઓની સારવાર આપવામાં આવે છે. ડૉ. ભાવિકાબહેન હરિયાણી તથા ડૉ. શ્રદ્ધાબહેન ધામેલિયાનાં કન્સલ્ટેશન હેઠળ માર્ચ માસમાં ૧૮૪ દરદીઓએ સારવાર લીધી હતી.

સંચાલકઃ શ્રી અવનિબહેન બોરીચા

### શ્રી સુશીલાબહેન રમણિકલાલ મહેતા મેડિકલ સેન્ટરઃ

એપ્રિલ માસમાં શ્રી સુશીલાબહેન રમણિકલાલ મહેતા મેડિકલ સેન્ટરમાં સોમવાર થી શુક્રવારે સાંજના ૪ થી ૬ દરમિયાન એલોપેથીની સારવારનો લાભ ૪૦૧ દરદીઓએ લીધો હતો. મેડિકલ સેન્ટરનાં નિષ્ણાત ડૉક્ટર દ્વારા જરૂરિયાત મુજબ દરદીઓને નિ:શુલ્ક દવા આપવામાં આવેલ.

સંચાલકઃ ડૉ.અરવિંદભાઈ ત્રિવેદી

## બાળ શિક્ષણ

### શ્રી મોંઘીબહેન બધેકા બાલમંદિરઃ





એપ્રિલ માસમાં શ્રી મોંઘીબહેન બધેકા બાલમંદિરમાં ૩૫ બાળકોની સંખ્યા રહી. માસ દરમિયાન બાળકોને ગેરુ વડે ચિત્રકામ, કસરત, સર્જનશકિત પ્રમાણે નમૂના અને પપેટ્સ દ્વારા તાલીમબદ્ધ કરાયા હતા. એપ્રિલ માસમાં રમતગમતના સાધનોનું પ્રદર્શન પ્રકારે જીવનલક્ષી તાલીમ સાથે બાળકોને જોડવામાં આવ્યા હતા.

દાતા શ્રી મૂળજીભાઈ મણિલાલ પારેખ, સ્વ. રવિન્દ્રભાઈ ત્રિવેદી, સ્વ. મીનાબહેન સી. ધનેશ્વર દ્વારા બાળકોને ભોજન આપવામાં આવેલ. ઉપરાંત ૯ દાતાઓ દ્વારા પોષક આહાર પીરસવામાં આવેલ. માસ દરમિયાન સંસ્થાનાં કાર્યકર શ્રી કમલાબહેન બોરીચા તેમજ ૫ બાળકોનાં જન્મદિવસની ઉજવણી થઈ હતી.

તારીખ ૭ એપ્રિલે બાલમંદિરના બાળકોનો સમૂહ ફોટોગ્રાફ પાડવામાં આવેલ. તા.૨૩ એ જાગૃત વાલી કાર્યક્રમ યોજવામાં આવેલ. આ પ્રસંગે શ્રી વર્ષાબહેન જાની દ્વારા મા-બાપને ‘વ્યસન મુક્ત અને સંસ્કારી જીવનની અનિવાર્યતા’ વિષયે અતિ સંવેદનશીલ વિચારો આપવામાં આવેલ. વર્ષ દરમિયાનની ૭મી જાગૃત વાલી સભામાં ૧૧૦ મા-બાપ ઉપસ્થિત રહ્યાં હતાં અને કાર્યક્રમ બાદ સહુએ સમૂહમાં ચા-નાસ્તો લીધો હતો.

સંચાલક: શ્રી અંકિતાબહેન ભટ્ટ, ઉષાબહેન રાઠોડ

## કોવિડ સ્થિતિ સામાન્ય થતાં બાળ શિક્ષણ પ્રવૃત્તિ અંતર્ગત જાગૃત વાલી બેઠકની વિગત

| ક્રમાંક | વર્ષ ૨૦૨૧-'૨૨ | વિષય | માર્ગદર્શક વક્તા | વાલી સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | સપ્ટેમ્બર | બાળ આરોગ્ય | ડૉ. અરવિંદભાઈ ત્રિવેદી | ૭૦ |
| ૨ | ઑક્ટોબર | સાંપ્રદાયિક સોહાર્દ | શ્રી અવનીબહેન ભટ્ટ | ૭૦ |
| ૩ | નવેમ્બર | પરસ્પરનો પરિચય | શિક્ષકો સાથે | ૬૫ |
| ૪ | જાન્યુઆરી | શાંતિ પ્રિય રમતો | શ્રી હરેશભાઈ ભટ્ટ | ૯૦ |
| ૫ | ફેબ્રુઆરી | બાળ ઉછેર | શ્રી નીતિનભાઈ ત્રિવેદી | ૨૫૦ |
| ૬ | માર્ચ | હોળી ઉત્સવ | સમૂહમાં | ૨૫૦ |
| ૭ | એપ્રિલ | વ્યસન મુક્તિ | શ્રી વર્ષાબહેન જાની | ૧૧૦ |

## જીવન શિક્ષણ (કૌશલ્ય તાલીમ)

### ક્રીડાંગણ-સ્કાઉટ તાલીમ

એપ્રિલ માસ દરમિયાન નિયમિત રીતે આવતા તાલીમાર્થીઓની સંખ્યા ૩૫ રહી હતી. માસ દરમિયાન બેઝ બૉલ, કાબર-કાગડો, ડમ્બેલ્સ ચોર પ્રકારે સામૂહિક રમતો રમાડવામાં આવી હતી. સાંય પ્રાર્થના સમયે બાળકોએ ટુકડીમાં રહી પ્રાર્થના, ધૂન, સમૂહગીત અને હર્ષનાદો કર્યા હતા. વૈભવભાઈ તેમજ સંસ્થાના કાર્યકર શ્રી મીનાબહેન મકવાણાનો જન્મદિવસ પ્રસાદ-સ્મૃતિભેટ સાથે ઉજવાયો.

એપ્રિલ માસમાં સ્વ.બીપીનચંદ્ર શાહની પુણ્યતિથિ નિમિત્તે તેમજ શ્રી જયશ્રીબહેન વી. બક્ષી તરફથી બાળકોને પોષક આહાર આપવામાં આવેલ. શ્રી ગોખલે જ્ઞાન મંદિર પુસ્તકાલયના ઉપક્રમે યોજાએલ વાલીસભામાં શ્રી વર્ષાબહેન જાની દ્વારા ક્રીડાંગણ તાલીમાર્થીઓના મા-બાપને બાળઘડતર, વ્યસન મુક્તિ અને સંસ્કારી જીવનની અનિવાર્યતા વિષયે માહિતગાર કર્યા હતા.

સંચાલક :શ્રી કમલેશભાઈ વેગડ

### આરોગ્યવર્ધક ઔષધિ પીણું:

શ્રી નિશીથભાઈ મહેતાના સહકારથી ચાલતા આરોગ્યવર્ધક ઔષધિ પરબમાં સાંજનાં ૫:૩૦ થી ૬:૩૦ દરમિયાન ઉકાળો મળે છે. યુઝ ઍન્ડ થ્રો કપમાં આપવામાં આવતાં અને શરીરની ઈમ્યુનિટી વધારવાના ઉપાય સ્વરૂપે આ સેવાનો લાભ ૯૫૦ નાગરિકોએ લીધેલો.

- સંચાલક: શ્રી પોપટભાઈ વેગડ

### દિવ્યજીવન:

શિશુવિહાર દિવ્યજીવનની પ્રાર્થના માસનાં પ્રત્યેક શુક્રવારે સાંજે ૬ વાગે યોજાય છે. જેમાં જિજ્ઞાસુ સાધકો ભાગ લે છે. એપ્રિલ માસની ૨૪મીએ પૂજ્ય સ્વામી ચિદાનંદજી મહારાજની પાદુકાપૂજનનો કાર્યક્રમ યોજાયો હતો.

- શ્રી ઈન્દાબહેન ભટ્ટ

### મનોરંજન:

બાલમંદિર અને શાળા-કૉલેજનાં વિદ્યાર્થીઓ માટે ૭ વિવિધ પ્રકારોમાં ૮૪ પોશાક સંસ્થાનાં મનોરંજન વિભાગમાંથી સાંજનાં ૪:૩૦ થી ૭:૩૦ દરમિયાન મળી શકે છે. એપ્રિલ માસ દરમિયાન ૧ સંસ્થાએ મનોરંજનના પોશાકનો લાભ લીધો હતો.

સંચાલક :શ્રી દક્ષાબહેન ગોહેલ

### તાલીમઃ

શિશુવિહાર સંસ્થાનાં વિભાગીય સંવાહકોની બેઠક તારીખ ૭ એપ્રિલે યોજાયેલ, જેમાં માસ દરમિયાનના નિયત કાર્યો તથા આયોજિત કાર્યો પૈકી બાકી રહેલ કાર્યોનું મૂલ્યાંકન તેમજ એપ્રિલ માસના સંસ્થાગત કાર્યો અંગે સંવાહકો સાથે ચર્ચા કરવામાં આવેલ.

સંચાલક: શ્રી હીનાબહેન ભટ્ટ



## સંગીત વર્ગ:

એપ્રિલ માસ દરમિયાન સંસ્થા સંગીત વર્ગમાં ૪ તાલીમાર્થીને સુગમ તથા ફિલ્મી ગીત-સંગીતની તાલીમ આપવામાં આવેલ.

સંચાલક:શ્રી દેવુભાઈ મહેતા



## માંદગી સાધનસહાય:

માંદગીવશ ટૂંકા સમય માટે દરદીઓને ઉપયોગી બનતાં સાધનો શિશુવિહાર સંસ્થામાંથી ૧૫ થી ૩૧ દિવસ માટે નિયત ડિપોઝિટથી આપવામાં આવે છે. એપ્રિલ માસ દરમિયાન સ્વ.ફૂલચંદભાઈ પી. તંબોળી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ઉપલબ્ધ સાધનોનો ૬૪ દર્દીઓએ લાભ લીધો હતો.

સંચાલક: શ્રી અનિલભાઈ જોશી



## બાલદેવ વન:

એપ્રિલ માસ દરમિયાન શ્રી તદ્રૂપાનંદ બાલદેવવન તથા ઍક્સેલ ક્રોપ કેર લિ. પ્રેરિત ‘નૉલેજ પાર્ક’માં ૯૦ બાળકો પોતાના વાલી સાથે રમવા આવ્યાં હતાં. એપ્રિલ માસ દરમિયાન શ્રી જગત જ્યોત પ્રાથમિક શાળાના તેમ ૩૦૦ બાળકોએ મુક્ત મને રમી આનંદ માણ્યો હતો. બાલદેવવનમાં રમવા આવતાં તમામ બાળકોને સંસ્થા તરફથી‘બાળ આરોગ્ય સૂત્ર’પુસ્તિકા ભેટ આપવામાં આવેલ.

સંચાલક: શ્રી હીનાબહેન ભટ્ટ

# સંસ્કાર સાહિત્ય પ્રકાશન



## શ્રી ગોખલે જ્ઞાન મંદિર પુસ્તકાલય-શિશુવિહાર

સંયોજન: રાજા રામમોહન રૉય ફાઉન્ડેશન

એપ્રિલ માસમાં ૪૫ વાચક સભ્યોએ ૪૫ પુસ્તકો વાચ્યાં હતાં.

**સંસ્થા પુસ્તકાલયમાં ભેટ સ્વરૂપે મળેલાં પુસ્તકો, જેનો સાભાર સ્વીકાર છે.**

પ્રમુખશાહી શાસન પદ્ધતિ, પ્રબુદ્ધ જીવન, ચક્ષુદાન અને ચક્ષુબેંક (જશવંત બી. મહેતા), શાકાહારી (સુરેશભાઈ ત્રિવેદી), ક્યાંક વચ્ચે દિવાલ, શેતરંજી (કાલિન્દીબહેન પરીખ), ચંદન તિલક, ઈશ્વર કોણ છે? ક્યાં છે? કેવો છે?, તેજ લિસોટા, સાક્ષાત્કાર, અન્ય ૩૨ પુસ્તકો (નવનીતભાઈ રાઠોડ), રંગરેખાના કલાકાર, કનુભાઈ દેસાઈ (રમણિક ઝાપડિયા), રામકથા સાર ૩ પુસ્તિકા (ચિત્રકૂટ ધામ)

સંચાલક :શ્રી દીપાબહેન જોષી



## વિજ્ઞાનવિહાર:

ઍક્સેલ ક્રોપ કેર પ્રેરિત પ્લેનેટોરિયમ તથા વિજ્ઞાનવિહારમાં જગતજ્યોત પ્રાથમિક શાળાના ૧૩૦ બાળકોએ નિયત શૉમાં બેસી તારાદર્શન કરેલ. શાળાઓના બાળકો માટે સવારે ૯:૩૦ થી ૧૨:૩૦ તથા સાંજે ૪:૩૦ થી ૭:૩૦ દરમિયાન યોજાતા કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને મોકલવા આચાર્યશ્રીઓ તથા વાલીઓને નિમંત્રણ છે.

સંચાલક: શ્રી રાજુભાઈ મકવાણા





## બુધસભા:

૧૯૮૦થી અવિરત ચાલતી શિશુવિહાર બુધસભામાં તા.૬ એપ્રિલે ૨૧૭૫મી બેઠક યોજાઈ. કાવ્ય આસ્વાદ અંતર્ગત શ્રી પ્રવીણભાઈ સરવૈયા દ્વારા પારુલ ખખ્ખરનાં કાવ્યોનો આસ્વાદ થયો. કવયિત્રીનાં શેર દ્વારા કોરોનાની વિષમ પરિસ્થિતિમાં લાખો લોકોએ પોતાના સ્વજનો ગુમાવ્યા. પીડિત પ્રજાનો પોકાર બીજી બાજુ રાજકારણ પ્રત્યે પ્રજાનો આક્રોશ, દરેક શેર છાના, સંવાદ, રહસ્ય બખુબી મૂક વિચાર ચિંતનનો રસાસ્વાદ થયો. સંચાલન શ્રી જીજ્ઞાબહેન ત્રિવેદીનું રહ્યું. માસના બીજા બુધવારે અવસર અભિવ્યક્તિ અંતર્ગત આઝાદી અમૃત મહોત્સવ, ગૌરવગાન વ્યક્ત કરતી રચનાઓ શ્રી મોના મહેતા દ્વારા પ્રસ્તુત થઈ હતી. શ્રી હર્ષાબહેન ચૌહાણનું સંચાલન રહ્યું. ત્રીજી બેઠકમાં કવિ વક્તવ્ય ઉપક્રમ અંતર્ગત ડૉ. પથિક પરમારે દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકરના મંતવ્યો રજૂ કર્યા. તેઓએ જણાવ્યુ કે, વિશ્વને અંધશ્રદ્ધામાંથી મુક્ત કરવા ડૉ. બાબાસાહેબ આંબેડકરજીએ પ્રચંડ પુરુષાર્થ કર્યો હતો. માસના ચોથા બુધવારે કવિવિશેષ ઉપક્રમ યોજાયો. બુધસભાના વરિષ્ઠ, દિવંગત કવિશ્રી ગુણવંતભાઈ ઉપાધ્યાયના જીવનકવન, ગઝલોના ઉમદા શેર સહિત કર્મઠ ગઝલ પ્રેમીને ડૉ. જીતુભાઈ વાઢેર તેમજ ગુણવંતભાઈના પરિવાર સ્નેહીઓ દ્વારા કાવ્યાંજલિ આપવામાં આવી. ડૉ. નટુભાઈ પંડ્યાનું સંચાલન રહ્યું હતું. માસના ચારેય બુધવાર મળી કુલ ૮૭ રચના સાથે ૯૩ કવિઓની હાજરી રહી, અનેક સાહિત્યિક કાર્યક્રમ સહિત મહેમાન મહાનુભાવોના આગમન સાથે બુધસભા રસપ્રચુર રહી હતી.

સંચાલક: શ્રી કૃપાબહેન ઓઝા



# જાહ્નવી સ્મૃતિ સન્માન નિમિત્તે આદરણીય ભાગિરથીબહેનને અંજલિ

એણે બાળપણમાં શણગારી હશે ઢીંગલીને સતરંગી ઓઢણીથી,
ત્યારે તરંગોના મેઘધનુષ પણ તાણી દીધાં હશે ઓસરીના અવકાશમાં.
એણે ઉછાળ્યા હશે પાંચીકા ઊંચા આકાશે,
ત્યારે ઉતરી આવ્યા હશે શબ્દો પણ અંતરના ચોકમાં.
એણે પાટી ઉપર પહેલવહેલો માંડયો હશે કક્કો,
ત્યારથી જ આલેખતી થઈ હશે કવિતાઓ.
ધુમાડિયા રસોડાનાં બારી બારણાં ખોલતાંને લીધાં હશે લીલાછમ શ્વાસ,
ત્યારથી જ કોળી હશે કૂંપળો કલ્પનાની.

સેંથામાં સિંદૂર પૂરતાં અને ભાલે લાલચટ્ટ ચાંદલો રચતા,
બંધનનાં નહિ, મુક્તિના માંડવે મેલ્યું હશે મનને મોકળું ઘરાર.
પછી તો પ્રસુતિની પીડાનો વિસ્તર્યો હશે વિસ્તાર
અને પીડ પરાઈનો પામી હશે અણસાર.
અને પછી મૂક્યો હશે પગ ઉંબરની બહાર ત્યારે,
વળોટી હશે સરહદો સામટી સો સો વાર.
મારગમાં પછી ઝાંખી થઈ હશે અભેદની અને ભાંગીને ભેદને,
શૂર બનીને, એ ભડભડતી જ્વાળા જગતચોકમાં ખડી થઈ ગઈ હશે ટટ્ટાર.

-સરુપ ધ્રુવ

## પ્રચાર-પ્રસાર



### એપ્રિલ માસમાં પંચવર્ષીય લવાજમ રૂ.૨૫૦/-ભરી સભ્ય થનાર મિત્ર

શ્રી રાઘવજીભાઈ માધડ-ગાંધીનગર, શ્રી હર્ષાબહેન મશરાણી-ભાવનગર, શ્રી દિલીપભાઈ ભટ્ટ-ભાવનગર, શ્રી હિતેશ્રીબહેન પંડ્યા-ભાવનગર.

સંચાલક: શ્રી દક્ષાબહેન ગોહેલ

### અખબાર તથા ટેલીવિઝનમાં શિશુવિહાર

રાજ્યનાં વિવિધ ૨૬ ગુજરાતી અખબારોમાં સંસ્થાની પ્રવૃત્તિઓની ૨૦૩ પ્રેસનોટ પ્રકાશિત થઈ હતી. તથા ૧૫ ઈલેક્ટ્રોનિક મીડિયામાં પ્રકાશિત કરવામાં આવી હતી.

માર્ચ માસમાં સંસ્થાનાં ફેસબુકનાં followersની સંખ્યા ૧૧૨૨ અને ઈન્સ્ટાગ્રામનાં followersની સંખ્યા ૪૧૮ રહી હતી.

સંચાલક: શ્રી અનિલભાઈ બોરીચા

### • સદ્‌ભાવભરી સ્વૈચ્છિક સહાય •

**સંસ્થા સૌનો હાર્દિક આભાર માને છે**

### • સદ્‌ભાવભરી સ્વૈચ્છિક સહાયનાં દાતાશ્રીઓ •

| | | |
|---|---|---|
| 15,000.00 | શ્રી મહેશભાઈ એચ. મહેતા | નાગરિક સન્માન |
| 11,000.00 | શ્રી સવિતાબહેન જીતેન્દ્રરાય મહેતા | આરોગ્ય સહાય |
| 10,000.00 | શ્રી જયશ્રીબહેન વિનિતભાઈ બક્ષી | આરોગ્ય સહાય |
| 7,000.00 | શ્રી ઉલ્લાસિનીબહેન કશ્યપભાઈ જાની | નેત્રયજ્ઞ |
| 5,000.00 | શ્રી એસ. કે. કલીવાલા | આરોગ્ય સહાય |
| 5,000.00 | શ્રી સૂરજબાઈ પન્નાલાલજી મહેતા ચે. ટ્રસ્ટ | સર્વાંગી સહાય |
| 5,000.00 | શ્રી નારાયણ સેવા મંડળ | શૈક્ષણિક સહાય |
| 3,000.00 | શ્રી નીરવભાઈ શાહ | પ્રકાશન સહાય |



## શુભેચ્છકો લખે છે

**• પદ્મશ્રી ડૉ. મુનિભાઈ મહેતા (વડોદરા)**

૯ મી એપ્રિલની સાંજે જાહ્નવી ઍવોર્ડ અને કિસ્મત કુરેશી ઍવોર્ડ કાર્યક્રમ જબરદસ્ત સફળ રહ્યો હતો. તમારી ટીમે વ્યવસ્થિત આયોજન અને ઈવેન્ટના આયોજનમાં પ્રશંસનીય કામ કર્યુ છે જે દરેક જગ્યાએ લોકોને પ્રેરણા આપતા રહેશે. શિશુવિહારના કાર્યકરોને અભિનંદન.

**• ડૉ. કાલિન્દીબહેન પરીખ (કવયિત્રી, અમરેલી)**

અમસ્તુ શિશુવિહારનું નામ છે! બુધસભાના ઉપક્રમે યોજાયેલ જાહ્નવી સ્મૃતિ ઍવોર્ડ તથા શ્રી કિસ્મતભાઈ કુરેશી કવિ સન્માનના કાર્યક્રમમાં મને અધ્યક્ષ તરીકે પધારવા નિમંત્રણ મળ્યું. તે પછી સંસ્થાનો સ્વીકૃતિ આભાર પત્ર, કાર્યક્રમ સૂચિ, બેનર અને સ્વયં કાર્યક્રમ પણ કેટલો ગરિમાપૂર્ણ! ભોજન નિવાસ અને વાહનની સુવિધા પણ શિસ્તબદ્ધ. ગુજરાતની સાહિત્ય સંસ્થાઓએ શિશુવિહારમાંથી પ્રેરણા લેવી જ રહી. પ્રેસનોટ અને તસવીરો સાથે આભાર પત્ર મળ્યો. શિશુવિહારની કાળજી મુઠ્ઠી ઊંચેરી છે. આથી જ શિશુવિહારનું નામ છે. અભિનંદન અને મારો અદકેરો આનંદ વ્યક્ત કરું છું.

**• શ્રી ઈલાબહેન મહેતા (અધ્યક્ષ ઝંકાર, સાહિત્ય મંચ, વડોદરા)**

શિશુવિહાર સંસ્થા દ્વારા બહુ સરસ કામ કરો છો તે જાણી દૂર બેઠા પણ શિશુવિહાર સંસ્થા માટે ગૌરવ થાય છે. સારા કામમાં સહુનો સાથ મળી રહેતો હોય છે. તેનું આ એક સુંદર ઉદાહરણ છે. સંસ્થાના બધાજ કાર્યકરોને અભિનંદન. સંસ્થાના કાર્યકરોનું ટીમવર્ક, વ્યવસ્થા અને કુશળતા દરેક જગ્યાએ દેખાય છે. બહુ આનંદ અને ગૌરવ સાથે અભિનંદન.

**• શ્રી માવજીભાઈ ગડા (અદાણી પોર્ટ-મુંદ્રા)**

અમારા ઉદ્યોગના વિસ્તારમાં આવતી આંગણવાડીની બહેનોને શિશુવિહારમાં તાલીમ અર્થે મોકલવા માગીએ છીએ. સંસ્થા બાલમંદિરથી થતાં આયોજનબદ્ધ કામનું સાહિત્ય અમને મોકલવા વિનંતી છે. આપની શિક્ષણ તાલીમની કામગીરીની પ્રશંસા રાજ્ય વ્યાપી બની છે, જે ભાવનગરના વતની તરીકે ગૌરવવંત છે.

**• શ્રી ક્રિષ્નાબહેન પટેલ (સી.ડી.પી.ઓ, રાજપીપળા)**

ભાવનગરમાં આંગણવાડીની બહેનોને અપાતી તાલીમ નર્મદા જિલ્લામાં આપવા નિમંત્રણ છે. ગાંધીનગરથી મહિલા બાળ વિકાસ વિભાગની પણ ભલામણ છે તો અમને સાનુકૂળ પ્રતિભાવ આપશો.

**• શ્રી રજનીભાઈ શાહ (વડોદરા)**

વર્ષ ૧૯૯૦માં હું ભાવનગરની ટીચર્સ ઍજ્યુકેશન કૉલેજમાંથી નિવૃત્ત થયો. શિશુવિહાર એટલે માનભાઈ અને પ્રેમશંકરભાઈની જોડી તે પછી ઈન્દાબહેન અને મહેશભાઈની સેવા જોડીથી ભાવનગરનું કલ્યાણ સધાયું. હવે ૯૩ વર્ષ થયા છે. આમ છતાં, શિશુવિહારને શક્ય સહાય મોકલતો રહું છું. તમારા લોકોની સેવા વંદનીય છે. પ્રભુ તમને નિત્ય સહયોગ આપે તેવી પ્રાર્થના.

**• ડૉ. હિતેનભાઈ ભટ્ટ (વાપી)**

શિશુવિહારની માતૃભૂમિ ઉપર પગ મૂકતાં જ એક રોમાંચની અનુભૂતિ થાય છે. જગદીપ વિરાણી ફાઉન્ડેશનના ઉપક્રમે સપ્તકલાને સમર્પિત સંગીત કાર્યક્રમ યાદગાર બની રહ્યો. અરસપરસને મળવાનો આનંદ પણ અનેરો હતો. આભાર.

**• પ્રાધ્યાપક શ્રી કોમલબહેન જાંબુચા (ભાવનગર)**

શિશુવિહારનું બાહ્ય કલેવર સંસ્થાગત સ્વરૂપનું હોવા છતાં તેનો આત્મા એક ભારતીય કુટુંબની લાક્ષણિકતાઓ ધરાવે છે. છેલ્લા ૮૩ વર્ષ દરમિયાન શિશુવિહાર પ્રાંગણમાં શ્રમ, શિક્ષણ, કલા, કૌશલ્ય, ધર્મ અને સેવાકીય કામગીરી સાથે સામાજિક મૂલ્યોની જાળવણી અને પ્રસાર માટે પ્રકાશિત પ્રવૃત્તિઓ ચાલે છે. જેમાં ૪૦% પ્રવૃત્તિઓ પ્રૌઢો તેમજ ૩૦% પ્રવૃત્તિઓ વૃદ્ધો માટે ચાલી રહી છે. સંસ્થાની કામગીરી નિષ્કામ ભાવનાથી આગળ વધતી રહી છે. જે-તે સમયે ઉપલબ્ધ કાર્યકરોના રસ-રુચિના ક્ષેત્રમાં વિસ્તાર સાધ્યો છે.

સામાજિક સંસ્થા તરીકે શિશુવિહારની વિકાસ-વિસ્તારની આ તરાહ લગભગ સમાન રીતે આપણા પરિવારોમાં જોવા મળે તેવી છે. શિશુવિહારની શાળા, અખાડો, સ્કાઉટ, ફર્સ્ટ એડ, સીવણ વગેરે તાલીમમાંથી પસાર થયેલા વિદ્યાર્થીઓ આજે સ્વસ્થ નાગરિક તરીકે પ્રદાન કરે છે. તે બહુમૂલ્ય બને છે.

ભાવનગર શહેરના નાગરિકોને ઉપયોગી થવા શિશુવિહાર ૧૯૩૯માં સ્થપાયું. કારણ કે આ સમયગાળો સ્વરાજ્યની ચળવળનો ઉત્કૃષ્ટકાળ હતો. ગાંધીના બોલ ઝીલીને યુવકો રચનાત્મક કામો સાથે જોડાતા. એ સમયે શ્રમજીવીઓના સર્વાંગી વિકાસના ખ્યાલમાંથી આનંદ મંગળ મંડળ અને પછી શિશુવિહારનો વિકાસ થયો. ગ્રામ સફાઈ, શિક્ષણ, રમત-ગમત, શેરી નાટકો અને પ્રભાતગાનની પ્રવૃત્તિઓ શ્રમજીવીઓના નિજાનંદ સાથે જનજાગૃતિ માટેનું કાર્ય બન્યું. ગરીબ લોકોના વિકાસ માટે હુન્નર, પછાત વિસ્તારના લોકો માટે સ્વાસ્થ્ય અને શિક્ષણ. આ પ્રકારે શ્રમિક પ્રવૃત્તિની જ્યોત અનેકો સુધી પહોંચી. શિશુવિહાર સંસ્થા ભાવનગરના નાગરિકોને ઘડવામાં સીમાચિહ્ન પરંતુ વિશાળ રાષ્ટ્રના ઘડતર માટે અનેક શિશુવિહારની જરૂર છે.

**• શ્રી શૈલેશભાઈ મણિયાર (ચેરમેન-ઈશ્વર સ્નફ વર્ક, ભાવનગર)**

મારા પિતાશ્રી કીર્તિભાઈ મણિયાર માનભાઈ ભટ્ટના જીવનભર મિત્ર રહ્યા. અમારે ભાવનગરના રાણિકા વિસ્તારમાં તમાકુ પાઉડરની બહુ જાણીતી ફેક્ટરી, પણ માનભાઈ રાણિકા વિસ્તારમાંથી સાયકલ ઉપર પસાર થાય ત્યારે આસપાસની દુકાનોમાં અને રસ્તે ચાલતા રાહદારીઓને એક ચોપાનીયું અચૂક આપતા જાય. તેમાં મથાળે લખ્યું હોય, 'ખાવો, પીવો, સૂંઘો, પણ તમાકુ ઝેર છે' હવે આતો અમારા ધંધાની વિરુદ્ધ લોકમત ઊભો કરવાની જ વાત થઈ, પણ મારા પિતાશ્રી પણ વિશાળ દૃષ્ટિથી માનભાઈના સેવાકાર્યને બિરદાવે અને કહે એક લોક સેવક તરીકે એમની વાત સાચી છે. મારા પિતાશ્રીનું ઔદાર્ય પણ એટલુ જ અને માનભાઈ સાથેની મૈત્રી પ્રેમ સભર તે માનભાઈના આગ્રહે 'તમાકુ ઝેર છે' તેવી પત્રિકા પણ ૫૦૦-૧૦૦૦ નકલ છપાવી પણ આપે.

આજે માણસમાં બૌધિક તર્કનો વિકાસ થતો જાય છે, પણ અંતરની ઉદારતા અને માનવ તરીકેનો પરસ્પરનો સ્નેહ ખૂટતો જાય છે. ત્યારે મારા પિતાશ્રી કીર્તિભાઈ અને માનભાઈની માનવતા પ્રત્યેનો સ્નેહ કેવી કક્ષાએ હશે. તેઓની પરસ્પરની સમજને સલામ. (રૂબરૂ મુલાકાત સમયે થયેલ વાતચીત આધારે-તંત્રી)

**સાભાર**

• બુધસભાનાં કવયિત્રી તથા સર્વમિત્ર (કે.આર. દોશી ટ્રસ્ટ)ના માર્ગદર્શક શ્રી સૂચિતાબહેન કપુર દ્વારા ઉનાળાનાં પ્રારંભે પક્ષીઓનાં પાણી અને ચણ માટે ૬૦ કુંડા શિશુવિહારના કાર્યકરો માટે ઉપલબ્ધ કરવામાં આવેલ છે. સંસ્થા આભાર વ્યક્ત કરે છે.

• સુમિટોમો કેમિકલ ઈન્ડિયા તરફથી શિશુવિહાર સંસ્થાના સર્વાંગી તાલીમના વિદ્યાર્થીઓને સેલોટેપ રોલ, યુ-પીન થર્મોકોલ શીટ ભેટ મળેલ છે. સંસ્થા ઍક્સેલ એક્સપ્રેશનનાં વ્યવસ્થાપકોનો આભાર માને છે.

• **નમ્ર નિવેદન:** આપ શિશુવિહાર સંસ્થાના આજીવન સભ્ય રૂ.૫૦-૧૦૦ કે ૫૦૦ આપી થયા છો. નિયમિત આપને સમાચાર પત્રિકા મોકલાય છે, જેથી આપ સંસ્થા સાથે સંકળાયેલા રહો. આપને અનુકૂળતા હોય તો પાંચ વર્ષ માટેનું ૨૫૦રૂ. સમાચાર પત્રિકાનું લવાજમ મોકલવા નમ્ર વિનંતી છે. -તંત્રી

# કોવિડ સ્થિતિ દરમિયાન
# અવિરતપણે જનસેવામાં શિશુવિહારની આરોગ્ય પ્રવૃત્તિ
# વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૨

## પ્રભુકૃપા નેત્રયજ્ઞ

વર્ષ ૧૯૬૮માં શરૂ થયેલ નેત્રયજ્ઞ પ્રવૃત્તિ દ્વારા વર્ષ ૨૦૨૨ (માર્ચ) સુધીમાં ૪૩૭ કાર્યક્રમો થકી ૧૨૦૨૪૪ દરદીઓની આંખ તપાસ તથા ૧૮૬૩૭ દરદીઓને વિનામૂલ્યે કેટરેક્ટની સારવાર મળી છે. દાતાઓના અનન્ય સહકાર અને શિવાનંદ આઈ હૉસ્પિટલ વિરનગરના ડૉક્ટરોની માનવસેવાની પ્રતીતિ રૂપે સાતત્ય પૂર્ણ રીતે ચાલતા યજ્ઞમાં શિશુવિહારનાં સેવાભાવી કાર્યકરોની પણ અનન્ય સેવા મળી છે. વર્ષ ૨૦૧૯-૨૨માં કોવિડ સ્થિતિ વચ્ચે પણ ૮૨ નેત્રયજ્ઞ થકી ૧૭૫૦ ગરીબોને આંખની સારવાર મળી છે, જે નોંધનીય બને છે.

| ક્રમાંક | શિબિર સંખ્યા | સમયગાળો | આંખ તપાસ દર્દીની સંખ્યા | ઑપરેશન દર્દીની સંખ્યા |
|---|---|---|---|---|
| 1 | 355 to 390 | 2019 to 2020 | 4786 | 1026 |
| 2 | 391 to 437 | 2021 to 2022 | 3886 | 724 |
| | પ્રવૃત્તિ અંતર્ગત આરોગ્ય સેવા | | 120244 | 18637 |

## વયસ્કો માટે નેત્ર નિદાન તથા ચશ્માં વિતરણ

વર્ષ ૧૯૯૮થી નિરમા લિમિટેડ ભાવનગરની CSR એક્ટિવીટી તરીકે સંસ્થા ગ્રામ્ય વિસ્તારોમાં આરોગ્ય શિબિર યોજે છે. દર મહિને યોજાતા ગ્રામ્ય આરોગ્ય શિબિરો દ્વારા ૨૦૨૨ સુધીમાં ૩૩૦ શિબિરો થકી ૬,૨૯૭થી વધુ લોકોની આરોગ્ય તપાસ થઈ.

શહેરના શ્રમિક વિસ્તારોમાં પ્રત્યેક માસના ચોથા રવિવારે યોજાતા વયસ્કો માટેના દૃષ્ટિ ચકાસણી શિબિરો દ્વારા ૨૮૩૨૪ જરૂરિયાતમંદોને ૨૬૯ શિબિરો દ્વારા ચશ્માં અને દવાનું સેવાભાવથી વિતરત કરવામાં આવેલ.

કુલ આંખની તપાસના દર્દીઓની સંખ્યા ૩૫૩૫૪ અને ચશ્માં વિતરણના લાભાર્થીઓની કુલ સંખ્યા ૩૩૩૫૪ રહી છે.

| ક્રમાંક | શિબિર સંખ્યા | સમયગાળો | આંખ તપાસ દર્દીની સંખ્યા | ઑપરેશન દર્દીની સંખ્યા |
|---|---|---|---|---|
| 1 | 270 to 308 | 2019 to 2020 | 3199 | 3199 |
| 2 | 309 to 330 | 2021 to 2022 | 1831 | 1831 |
| | પ્રવૃત્તિ અંતર્ગત આરોગ્ય સેવા | | 35354 | 33354 |



## શાળાના વિદ્યાર્થીઓ માટે દૃષ્ટિ ચકાસણી તથા દવા-ચશ્માં વિતરણ

વર્ષ ૨૦૦૯થી મહાનગરપાલિકા સંચાલિત શાળામાં અભ્યાસ કરતા ૩૫૦૦૦ બાળકોની આંખ તપાસ તથા ચશ્માં વિતરણ કાર્યક્રમ શરૂ કર્યો. સંસ્થાના ઉપક્રમે ૨૦૨૨ સુધીમાં શાળાના ૭૯૭ નેત્રનિદાન કાર્યક્રમો યોજાયા. જેમાં ૫૧૩૧૧ બાળકોની આંખ તપાસ બાદ ચશ્માં-દવા આપવામાં આવ્યાં. ભાવનગરના વૈષ્ણવ ગૃહસ્થ શ્રી સુધાબહેન કનુભાઈ શાહની અનન્ય સહાય થકી અનેક બાળકો લાભાન્વિત થયા છે. કુલ શિબિરોની ૨૦૧૯-૨૦ થી ૨૦૨૧-૨૨ દરમિયાન બાળકોની આંખની તપાસ કરાઈ, તથા ૧૦૫૬૨ બાળકોને ચશ્માં તથા ૧૦૫૬૨ બાળકોને દવા વિતરણ કરવામાં આવી.

| ક્રમાંક | શિબિર સંખ્યા | સમયગાળો | બાળકોની આંખ તપાસ | ચશ્માં વિતરણ | દવા વિતરણ |
|---|---|---|---|---|---|
| 1 | 672 to 741 | 2019 to 2020 | 3987 | 1902 | 1902 |
| 2 | 742 to 797 | 2021 to 2022 | 2434 | 1242 | 1242 |
| | પ્રવૃત્તિ અંતર્ગત આરોગ્ય સેવા | | 51311 | 10562 | 10562 |

## પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓના લોહીમાં હીમોગ્લોબિનની તપાસ

કુપોષિત બાળકોમાં હિમોગ્લોબિનની ઉણપ અને તેમાં થતા રોગોને નિવારવા શિશુવિહારે વર્ષ ૨૦૧૫થી શાળાઓમાં ભણતાં વિદ્યાર્થીઓમાં હીમોગ્લોબિન તપાસ કાર્યક્રમ ઍક્સેલ ક્રોપ કેર ભાવનગરની CSR એક્ટિવીટી તરીકે શાળામાં પેથોલોજિસ્ટની ટીમ દ્વારા તપાસ કરી વિનામૂલ્યે સારવાર કરી તથા વાલી જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવે છે. શહેરની ૫૫ શાળાઓમાં દર વરસે ૨૭૧ શિબિરો થકી ૭૧૭૪ બાળકોની તપાસ કરવામાં આવી. ૨૦૧૯-૨૦ થી ૨૦૨૨ સુધીમાં ૩૪૮ થી ૩૫૦ કાર્યક્રમો યોજાયા. જેમા કુલ ૧૧૩૬૩ બાળકોની તપાસ કરી ૬૮૫૧ બાળકોને દવા આપવામાં આવી.

| ક્રમાંક | યોજેલ કાર્યક્રમની સંખ્યા | સમયગાળો | તપાસ સંખ્યા | દવા સંખ્યા |
|---|---|---|---|---|
| 1 | 291 to 344 | 2019 to 2020 | 2000 | 1502 |
| 2 | 345 to 347 | 2020 to 2021 | 182 | 91 |
| 3 | 348 to 350 | 2021 to 2022 | 125 | 67 |
| | પ્રવૃત્તિ અંતર્ગત આરોગ્ય સેવા | | 11363 | 6851 |

## આંગણવાડીમાં તાલીમ લેવા આવતા બાળકો પૈકી કુપોષિત બાળકો માટે પોષક આહાર

ભાવનગર શહેરના ૩૧૬ આંગણવાડી કેન્દ્રના અતિ કુપોષિત ભૂલકાંઓને હૈદ્રાબાદ મિક્ષ્ચર નામે પોષક આહાર (સુખડી)ના ૮૦,૨૫૬ પૅકેટ વર્ષ ૨૦૧૭-૧૮માં ૨૭૨ અતિ કુપોષિત બાળકોને પોષક આહાર તરીકે અપાયા. છેલ્લા ૬ વર્ષથી ચાલતી પોષક આહાર પ્રવૃત્તિમાં શહેરના મધુસિલિકાના અધ્યક્ષ રમેશભાઈ શાહનો સહયોગ મળ્યો છે. તેમજ રાજ્ય સરકારે શિશુવિહારની સેવાકીય પ્રવૃત્તિની સરાહના કરી છે. કોવિડ સ્થિતિવશાત છેલ્લાં અઢી વર્ષથી આંગણવાડી-બાલમંદિરો બંધ હોવાથી જૂન ૨૦૨૨થી ફરી આ કાર્ય પ્રારંભાશે.

| ક્રમાંક | વર્ષ | લાભાર્થી અતિકુપોષિત | વિતરણ કરેલ હૈદ્રાબાદ મિકચર પેકેટ સંખ્યા | કુપોષણ મુકત બાળકોની સંખ્યા |
|---|---|---|---|---|
| 1 | 2019 to 2020 | 85752 | 82560 | 516 |

## આરોગ્ય વર્ધક ઉકાળા પરબ

નાગરિકોની જાહેર સુખાકારી માટે શિશુવિહાર સંસ્થામાં આરોગ્યવર્ધક ઉકાળાની પ્રવૃત્તિ શ્રી નીશિથભાઈ મહેતાના સૌજન્યથી શરૂ કરી છે. ૧૯૬૦થી રોજ સાંજે ૩૨ ઓસડિયા યુક્ત ઉકાળો સાંજે ૫ થી ૭ દરમિયાન આપવામાં આવે છે. રોજના સરેરાશ ૧૫૦ થી વધુ આબાલ વૃદ્ધ સૌ કોઈ ઉકાળા પરબનો સહર્ષ લાભ લે છે. પ્રતિવર્ષ સંસ્થાની મુલાકાતે આવતા ૬ લાખથી વધુ નાગરિકોને આ બાબતમાં પ્રશિક્ષિત કરવાના પ્રયાસો થાય છે. ઉકાળા કેન્દ્રમાં છેલ્લા ત્રણ વર્ષમાં લાભાર્થીઓની સંખ્યા ૭૩૬૯૬૭ જેટલી છે.

### આરોગ્ય વર્ધક ઉકાળા પરબ

| ક્રમાંક | વર્ષ | લાભાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| 1 | 2019 | 37127 |
| 2 | 2020 | 14827 |
| 3 | 2021 | 14576 |
| એકંદર લાભાર્થી 736967 | | |

### દરદી સાધન સહાય કેન્દ્ર

| ક્રમાંક | વર્ષ | લાભાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| 1 | 2019 | 795 |
| 2 | 2020 | 429 |
| 3 | 2021 | 811 |
| એકંદર લાભાર્થી 10719 | | |

## દરદી સાધન સહાય

પરિવારમાં આવતી બિમારીમાં દર્દી માટે જરૂરી સાધનો જેવા કે વૉટર બેડ, બગલ ઘોડી, વ્હિલ ચેર, વૉકર સ્ટિક, કમોડ ચેર, બેડ પેન, યુરિન પોટ, મુવિંગ કોટ વગેરે સાધનો વિનામૂલ્યે વાપરવા આપવામાં આવે



છે. સ્વ. વાલીમા પ્રેમજીભાઈની પ્રેરણાથી શરૂ થયેલી આ સેવા ૩ વર્ષથી સ્વ. ફૂલચંદભાઈ તંબોલી ચેરિટેબલ ટ્રસ્ટની સહાયતાથી ચાલે છે. દર વર્ષે ૭૦૦થી વધુ જરૂરિયાતમંદો તેનો લાભ મેળવે છે. શ્રી બિપીનભાઈ તંબોળી દ્વારા દર્દી સહાય કેન્દ્રને આધુનિક સાધનો આપવામાં આવ્યા છે. ૨૦૧૯ થી ૨૦૨૧ સુધીમાં કુલ ૧૦૭૧૯ લાભાર્થીઓએ આ સેવાનો લાભ લીધો છે.



## સ્વરાજયની શાળા શિશુવિહાર

### વર્ષ ૧૯૮૮માં પ્રકાશિત શિશુવિહાર સામયિકોનો સાર (એક દસ્તાવેજ) ભાગ-૩




### મે

• **સોમું દેહદાનઃ** જૂન ૧૯૮૮માં પાંચ દેહદાનો મળ્યાં તેથી શિશુવિહારને અત્યાર સુધીમાં મળેલા માનવદેહનો આંક સુવર્ણ થયો છે. દેહદાનની પૂણ્ય પ્રવૃત્તિ શરૂ થયો હજુ એક દસકો પણ નથી થયા. આટલા ટૂંકા સમયમાં ભાવનગર દેહદાનમાં સૌથી મોખરે રહીને ભારતભરમાં દેહદાન શતકનો વિક્રમ સ્થાપી દીધો, જે પ્રેરણાદાયી બને છે.

• **સંસ્થા સમાચારઃ** ગોખલે જ્ઞાનમંદિર પુસ્તકાલયમાં ૧૯૮૮માં સભ્ય સંખ્યા ૧૩૫ હતી. મે માસમાં ૪૭૬ અને જૂનમાં ૪૦૧ પુસ્તકોનું વાંચન થયું. સર્વ શ્રી હરિભાઈ ચૌહાણ, નીખિલ કાંતિલાલ દવે, માધવીબહેન ઓઝા તેમજ અન્ય પુસ્તક પ્રેમીઓ તરફથી ઉપયોગી પુસ્તકો તથા સામયિકો ભેટ મળ્યા છે તે બદલ આભાર. પુસ્તકાલયનો સમય સોમથી શનિ રોજ સાંજના ૫ થી ૭નો છે. આજ સમયે ગોખલે જ્ઞાન મંદિરનું સ્ત્રી વાંચનાલય પણ ચાલે છે.

• **નવાં પ્રકાશનોઃ** (૧) આંખના કુદરતી ઉપચારો. લેખક શ્રી અડવાણી કિંમત ૧.૩૦ (૨) ચાલવાની કસરત અને સાયકલ સવારી. લેખક શ્રી ગોવિંદલાલ એ દલાલ. કિંમત ૯૦ પૈસા (૩) જીવન સંધ્યાનું સ્વાગત. લેખક શ્રી મીરાંબહેન ભટ્ટ. ૪૦મી આવૃત્તિ કિંમત રૂ.૨

• **શિશુવિહાર બુધસભાઃ** ભાવનગરના વતની અને મુંબઈના જાણીતા યુવાન કવિ શ્રી નીતિનભાઈ વી. મહેતાએ પોતાનાં કાવ્યો, ગઝલો તથા ગીતો સંભળાવ્યાં હતાં. મેળાવડાના અધ્યક્ષસ્થાને પ્રાધ્યાપક શ્રી તખ્તસિંહજી પરમાર હતા. સંચાલન પ્રાધ્યાપક કવિ શ્રી વિનોદ જોષીએ કર્યુ હતું.

કિસ્મત કુરેશી સન્માન સમારંભઃ શિશુવિહાર સંસ્થાના શુભેચ્છક, ગુજરાતના

ખ્યાતનામ ગઝલકાર કવિ કિસ્મત કુરેશીના સન્માનનો સમારંભ, સાહિત્ય સંગમ, સાહિત્ય ભારતી અંતે શિશુવિહાર બુધસભાના ઉપક્રમે યજ્ઞભુવનમાં ઉજવાયો. તેઓને સાહિત્ય ભારતી સુવર્ણચંદ્રક. શ્રી હરિભાઈ ચૌહાણ પ્રસ્થાપિત કવિ નાથાલાલ દવે પારિતોષિક સોહનલાલ ઉપહાર તથા શિશુવિહાર પુરસ્કાર અર્પણ થયાં. શિશુવિહાર પુરસ્કારના રૂપિયા ૫૦૧ સંસ્થાના પ્રમુખ શ્રી લાભશંકર એમ. વ્યાસ તરફથી આપવામાં આવેલ તે બદલ તેઓનો આભાર.

• **વૃદ્ધાશ્રમ ટૂંકા સમાચાર:**

• **મહોત્સવ:** શ્રી હરિશંકરભાઈ પંડયા તથા શ્રી માધવાણીભાઈ તરફથી આંબાવાડીની ગાયત્રી પરિવાર શાળાના સભ્યોએ આશ્રમના પ્રાર્થના ખંડમાં યજ્ઞ કરેલ.

• **સાર્વજનિક દવાખાનું:** શ્રી વાલીબહેન હ. વળિયા સાર્વજનિક દવાખાનામાં જૂન ૧૯૮૮માં ૮૦ દરદીઓને પૂરી સારવાર અપાઈ. આ દવાખાનામાં અત્યાર સુધીમાં સારવાર લીધેલ દરદીઓની કુલ સંખ્યા ૧૪૮૩૩ની થઈ.

મુલાકાત: શેઠ શ્રી રમણિકલાલ મનોરદાસ લોઢાવાળા તેઓના પત્ની સાથે વૃદ્ધાવસ્થાની મુલાકાતે પધાર્યા હતાં. આશ્રમના અંતેવાસીઓની મુલાકાત બાદ વૃદ્ધાશ્રમનું નવું બાંધકામ જોઈને સંતોષ વ્યક્ત કરેલ.

## ઑગસ્ટ

ભાવનગરને આંગણે શિશુવિહારમાં ૨૪મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ: પ્રભુકૃપાથી શિશુવિહારમાં દર વરસે શરદ પૂનમ પછી દિવાળીની આસપાસ નેત્રયજ્ઞ થાય છે. ૨૪મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ ઑક્ટોબર ૧૯૮૮ની ૨૨મી તારીખે રાખેલ છે.

આ સેવાયજ્ઞમાં રૂ.૩૫૦૦૦/-નું દાન: ઘોઘાવાળા શેઠ શ્રી ચિનુભાઈ હરિભાઈ શાહે કર્યુ છે.

• **રેડિયો પ્રસારણ:** તા.૨-૮-૮૮ના રોજ રાજકોટ રેડિયો પરથી પ્રસારિત થયેલ ભાવનગર જિલ્લાના શ્રી ઈન્દુભાઈ ચાતુર્વેદીના સમાચારપત્રમાં શિશુવિહારની રક્તદાન, ચક્ષુદાન તથા દેહદાનની પ્રવૃત્તિઓનો ખાસ ઉલ્લેખ થયો હતો. તેમાં જણાવ્યા મુજબ ગુજરાત રાજ્યમાં જનસેવાની આ ત્રણે પ્રવૃત્તિઓમાં ભાવનગર મોખરે છે.

• **સ્કાઉટ તાલીમ:** વર્ષા શિબિર: જુલાઈ માસમાં શિશુવિહાર ક્રીડાંગણમાં ત્રણ દિવસની ગ્રીષ્મ શિબિર યોજાઈ ગઈ. જેમાં સેન્ટ ઝેવીયર્સ, પ્રણવ બક્ષી વિનય મંદિર તથા નિર્ભય સેના શિશુવિહાર કુલ ૬૦ સ્કાઉટ ગાઈડે ભાગ લીધો. શિબિર દરમિયાન તખ્તેશ્વર અને રૂવાપરીએ પરિભ્રમણ રાખેલ. તેમાં કોમળપદના વિષયો વિગેરે આ શિબિરમાં શીખવાડવામાં આવ્યાં. શિબિર સંચાલન અજયભાઈ ભટ્ટે કર્યુ હતું.

• **બાલમંદિર:** બાલમંદિરનાં તમામ બાળકોની શારીરિક તપાસ કરવામાં આવેલ છે. ભાવનગરની આયુર્વેદ કૉલેજના પ્રિન્સીપાલ તથા સ્ટાફે આ કાર્યમાં સેવા આપેલ. બાળકોને ગીત-સંગીત, જોડકણાં અને અભિનયની વિશેષ તાલીમ આપવા સંગીત શિક્ષક શ્રી દર્શકભાઈનો એક વધુ વર્ગ શરૂ કર્યો છે. તબલાની સંગત કરવા કુમારી



રેશમાબહેન આવે છે. બાળગીતો અને બાળનૃત્ય નાટિકાના સર્જક પ્રાધ્યાપક રક્ષાબહેન દવેએ સંગીત વર્ગમાં આવી પોતાના બાળગીતો અભિનય સાથે રજૂ કર્યા હતા. બાળકો આ ગીતો હોંશે હોંશે ઝીલે છે અને ગાય છે.

• **દિવ્યજીવન અષ્ટાવક્ર ગીતા:** તા.૧૧ સપ્ટેમ્બર ૮૮ થી તા.૯ ઑક્ટોબર ૮૮



પ્રવકતા: પૂજ્ય સ્વામી તદ્રુપાનંદ સરસ્વતી સમય: સવારે ૭ થી ૮ સ્થળ: યશવંતરાય નાટ્યગૃહ

ભાવનગરના અધ્યાત્મ પ્રેમી જગત માટે હવે પૂ.સ્વામી તદ્રુપાનંદજી સરસ્વતીનું નામ અપરિચિત નથી.

ગુજરાતી તેમજ અંગ્રેજી ભાષા પરનું પ્રભુત્વ અને વિષયની રજૂ કરવાની તેમની આકર્ષક કળા આપણા મન ઉપર એક અનેરી છાપ ઉપસાવે છે. વેદાંતના સિદ્ધાંતોનું સાત્વિક આચરણ તેમના જીવનમાં જોવા મળે છે. તેમનો ઉત્સાહ, તેમની અસ્ખલિત અને જુસ્સાવાળી વાણીનો પ્રભાવ આપણા અંતરપટ પર ચિરંજીવ છાપ મૂકી જાય છે. 'અપરોક્ષાનુભૂતિ' અને અષ્ટાવક ગીતા' પ્રવચનોએ તો અમદાવાદ-મુંબઈ જેવા શહેરના મુમુક્ષુઓ અને સાધકોને ઘેલું લગાડયું છે.

શિવાનંદ સત્સંગ કેન્દ્ર-આંબાવાડી દશાબ્દી ઉત્સવ: આ કેન્દ્રમાં ૧૯૭૮ના શ્રાવણ માસના પ્રથમ સોમવારે શ્રી ગણેશ થયાં ભકિતના સંસ્કારોથી સમૃદ્ધ, સંગીત અને સંકીર્તન પ્રેમી સ્વ.પ્રવીણભાઈ પાઠકના પરિવારમાં શરૂ થયેલા આ કેન્દ્રને સાનુકૂળ વાતાવરણ પ્રાપ્ત થતાં ખૂબ સુંદર રીતે વિકસ્યુ અને અનેક બાળકો અને વડીલોને દિવ્યજીવન તરફ પ્રેરતું રહ્યું. ૯ વર્ષ પૂરાં કરી કેન્દ્ર ૧૦મા વર્ષમાં પ્રવેશી રહ્યું છે, તેનો સૌને આનંદ છે.

• **વૃદ્ધાવસ્થામાં:** વડીલશાહીનો ડગલો ખીંટીએ ટીંગાડી દેવો, પોતાનું હળવું કામ જાતે કરી લેવું., કુટુંબમાં સૌ પ્રત્યે સમાન દૃષ્ટિ કેળવવી, ઘરમાં કે બહાર વણમાગી સલાહ આપવાનું બંધ કરવું, સવાર-સાંજ નિયમિત પ્રાર્થના કરવી, ઘરમાં નાનાં બાળકો સાથે નિર્દોષ આનંદ માણવો, જમાનાને અને સંજાંગોને અનુકૂળ બનવું, પારકી પંચાત અને નિંદાથી દૂર રહેવું, અન્યના સુખની ઈર્ષા કરવાને બદલે બીજાનું સુખ જોઈ સુખી થવું, અધિક કે સમાન સદ્દવિચારી મિત્રોનો સત્સંગ કરવો, સૌને પૂછીને ઓશિયાળું જીવન જીવવા કરતાં સૌ પરાણે પૂછવા આવે તેવું નિખરતું જીવન જીવવું.

## સપ્ટેમ્બર

• **સદ્દભાવરી સહાય:** શિશુવિહારની જનસેવાની પ્રવૃત્તિઓ માટે સ્વૈચ્છિક દાનનું પવિત્ર ઝરણું સદા વહેતું રાખનાર દાતાઓનો હાર્દિક આભાર. નેત્રયજ્ઞ સહાય: રૂ.૧૦૦૦ શ્રી એ.એસ. શાહ (સ્વ. દેવીબહેન શાહના સ્મરણાર્થે), દેહદાન સહાય: રૂ.૨૫૧ સ્વ. પ્રહલાદરાય હ. ત્રિવેદી કાકા પરિવાર, રૂ.૨૫૦ શ્રી હેમંતકુમાર પ્રતાપરાય શાહ

**સ્કાઉટિંગ પરિચય:**

• **સ્વાતંત્ર્ય દિન ઉજવણી:** ૧૫મી ઑગસ્ટની શુભ પ્રભાતે સવારે ૭:૩૦ કલાકે શ્રી તખ્તસિંહજી પરમારના શુભ હસ્તે ધ્વજવંદન થયું. રક્ષાબંધનના દિવસે સાંજે ૬ વાગે

રક્ષાબંધનનો કાર્યક્રમ યોજાયો અને ત્યારબાદ સમૂહગીત હરિફાઈ થઈ. તેમાં ૬ દળે ભાગ લઈ જુદાં જુદાં ગીતો સમૂહમાં રજૂ કર્યાં. ભાગ લેનાર તમામને પ્રોત્સાહન ઈનામો, મોટા ભાઈઓના દળમાં પ્રથમ-દ્વિતીયને તથા નાના ભાઈઓના દળમાં પ્રથમ-દ્વિતીયને અપાયા.

• **સંસ્થા સમાચારઃ** વાર્ષિક સામાન્ય સભાઃ શિશુવિહાર સંસ્થાની વાર્ષિક સામાન્ય સભા રવિવાર તા.૨૦-૮-૮૮ના રોજ શ્રી અનિલભાઈ શ્રીધરાણીના પ્રમુખ સ્થાને મળી હતી. તેમાં આવતા ત્રણ વર્ષ માટે નવી કાર્યવાહક કમીટીની તથા તેના હોદ્દેદારોના નામની યાદી નીચે મુજબ છે.

સર્વ શ્રી ડૉ. નિર્મળકુમાર વકીલ-પ્રમુખ, લાભશંકર વ્યાસ-ઉપપ્રમુખ, માનભાઈ ભટ્ટ-કાયમી મંત્રી અને વ્યવસ્થાપક, મહેશકુમાર એસ. ભટ્ટ-સહમંત્રી, ગંગાદાસભાઈ શાહ, તખ્તસિંહજી પરમાર, અનિલભાઈ શ્રીધરાણી, ડૉ. શિરીષભાઈ ભુવા, ધનુભાઈ વાકાણી, રવીન્દ્રભાઈ જાની, રાજેન્દ્રભાઈ દવે

• **પ્રાથમિક સારવારઃ** સેન્ટ જહોન ઍમ્બ્યુલન્સના પ્રાથમિક સારવારના વર્ગો નિયમિત ચાલે છે. તા.૨૦-૬-૮૮ થી તા.૨૬-૭-૮૮ સુધીમાં ચાર વર્ગો થયા. આ ચારે વર્ગના વિદ્યાર્થીઓ કુલ સંખ્યા ૧૬૪ની હતી.

પ્રકાશનોઃ બે નવાં પ્રકાશનો પ્રગટ થયાં છે. (૧) સ્વ. મોંઘીબહેન બધેકા, લેખકઃ શ્રી ભાગીરથીબહેન મહેતા. કિંમતઃ ટપાલ ખર્ચ સાથે ૮૦ પૈસા, (૨)પ્ર. ત્રિવેદી-એક અભિજાત શિક્ષકનો આત્મ-પરિચય, પ્રસ્તાવનાઃ પ્રા. જયેન્દ્ર ત્રિવેદી. કિંમતઃ ટપાલ ખર્ચ સાથે રૂ.૨.૭૦ પૈસા.

• **રમકડાં ઘરઃ** રમકડાં ઘરના બાળ પુસ્તકાલયમાં ઑગસ્ટ માસમાં ૩૭ સભ્યો હતાં. આ ૩૭ બાળકો વચ્ચે કુલ ૪૯૨ પુસ્તકો વંચાયા. ૨૪ બાળકો ઘરે રમવા માટે આવનારની સંખ્યા દસની રહી.

### ઑક્ટોબર

• **સદ્‌ભાવરી સહાયઃ** સપ્ટેમ્બર તથા ઑક્ટોબર ૧૯૮૮માં શિશુવિહારની જનસેવાની અનેકવિધ પ્રવૃત્તિઓ માટે મળેલ સ્વૈચ્છિક દાનના દાતાઓની તથા રકમની યાદી નીચે મુજબ છે. રૂ.૨૫૦૦૦/- શ્રી ડી.એમ.અમીન (૨૫મા પ્રભુકૃપા નેત્રયજ્ઞના મુખ્ય દાતા તરીકે આપેલ સહાયના), રૂ.૮૦૫૦/- શ્રી મેક. ફાઉન્ડેશન-મુંબઈ, પ્રકાશન સહાય, રૂ.૨૦૦૦/- એક બહેન. હસ્તે શ્રી ગુણવંતભાઈ રાવળ-અમદાવાદ.

• **સુવાર્ણ જયંતિઃ** શિશુવિહારની સ્થાપનાને સંવત ૨૦૪૫માં ૫૦મું વરસ બેઠું. ઈ.સ. ૧૯૩૯માં દિવાળીના શુભ દિવસે આ સંસ્થાનો જન્મ થયો. ગાંધી યુગની સર્વોદયની રાષ્ટ્રીય ભાવનાથી રંગાયેલ થોડાક રંગીલા શ્રમજીવીઓએ તેની સ્થાપના કરી. ત્યારથી માંડીને અત્યાર સુધી, નિષ્કામ જન સેવાના એક માત્ર ધ્યેયથી શિક્ષણ અને સમાજ સેવાની અનેકવિધ પ્રવૃત્તિઓ સતત ચાલુ રહી છે. જાહેર સંસ્થાએ જે નીતિ નિયમ અને આચારસંહિતાનું પાલન કરવું જોઈએ, તેનું ચૂસ્તપણે પાલન થાય છે. દર વરસે જનતા સમક્ષ તેના કામકાજનો અને આવક-જાવકનો ઑડીટેડ અહેવાલ રજૂ થાય છે. અસંખ્ય શુભેચ્છકો અને દાતાઓ સંસ્થા પ્રત્યે પોતાના બાળક જેવી મમતા અને વાત્સલ્ય દાખવીને તન, મન ધનથી સહાય કરે છે. તે સૌનો અને પરમ કૃપાળુ




પરમાત્માનો આભાર. સંસ્થાની ૫૦ વરસની લોક શિક્ષણ અને લોકસેવાની એકધારી પ્રવૃત્તિને વધુ વેગ આપવા સુવર્ણ જયંતી વર્ષની યોગ્ય ઉજવણી થવી જોઈએ. તેમ કરવાથી સંસ્થાના અત્યાર સુધીના ૫૦ વરસના જન સેવાના કાર્યોનું આંતરિક મૂલ્યાંકન થશે. ભવિષ્યનો માર્ગ વધુ સ્પષ્ટ અને બળવત્તર બનશે. જૂની પેઢીના કામની કદર થશે અને નવી પેઢીને પ્રેરણા મળશે. આ અંગે સંસ્થા વાચક પરિવારોનાં સંપર્કમાં રહેશે.

• **દિવ્યજીવનઃ** સત્યાવીસ દિવસોમાં સ્વામીશ્રી તદ્દરુપાનંદજીએ અષ્ટાવક્રગીતાના ૨૦ પ્રકરણના ૨૯૯ શ્લોક પૈકી ચાર પ્રકરણના ૬૫ શ્લોકો વિશે પ્રવચનો આપ્યાં. શ્રોતાવર્ગને બિંદુમાં સિંધુની ઝાંખી થાય, પણ બાકીનાં પ્રકરણો વિશે સ્વામીજીના પ્રવચનો જલદી યોજાય તેની ભાવનગરના શ્રોતાજનો આતુરતાપૂર્વક રાહ જોશે.

### ડિસેમ્બર

• **બાલમંદિરઃ** બાલવંદના

બાળક એ આપણે મન ખાલી વાસણ છે, એમ હું તમને કહીશ તો તમે માનશો નહીં, પણ થોડો વિચાર કરી જુઓ. બાળકનું આપણા ઘરે આગમન થાય ત્યાં સુધી આપણે શું કરીએ છીએ? આપણાં ખ્યાલો, તરંગો, અધકચરા વિચારો સપનાંઓ આ બધુ બાળકોના મનમાં ઠાંસ્યા કરવાનો ઉદ્યમ કરતાં હોઈએ છીએ. આ માટેની એક ચોક્કસ બ્લ્યૂ પ્રિન્ટ આપણા મનમાં બનાવી રાખેલી હોય છે. કેટલાંક હોંશીલા મા-બાપો તો બાળકના જન્મની એંધાણી મળે ત્યારથી બ્લ્યૂપ્રિન્ટ બનાવવાનું આરંભી દે છે. જીવનમાં કશુંક કરવાના, કશુંક થવાના સપનાં દરેકને આવતાં હોય છે અને આમાંથી બધાં કંઈ કશુંક કરી શકે કે કશુંક થઈ શકે તેમ બનતું નથી. આવાં માબાપો પોતાનાં અધૂરાં સપનાંઓનો ભંગાર બાળકોનાં મનમાં ઠાલવે છે. બાળક એક સ્વતંત્ર હસ્તિ છે એ વાત જ વિસારે પાડી દેવાય છે. બાળકને પોતાનું આગવું રુચિતંત્ર છે, આંતરિક જગત છે, એવો ખ્યાલ જ ઘણાં મા-બાપને ક્યારેય આવતો નથી. -પ્રેમશંકરભાઈ ભટ્ટ


શિશુ વિહાર સુવર્ણ જયંતી વર્ષ. સંવત ૨૦૪૫

યુવાનીમાં રક્તદાન
મૃત્યુબાદ : ચક્ષુદાન-દેહદાન


શિશુવિહાર પત્રિકાનું વાર્ષિક લવાજમ આઠ રૂપિયા. છૂટક નકલ ૭૫ પૈસા

માલિક : શિશુવિહાર, કૃષ્ણનગર, ભાવનગર ૩૬૪૦૦૧. ફોન ૨૩૪૨૫
તંત્રી, પ્રકાશક, : પ્રેમશંકર ન. ભટ્ટ. ૨૦-૧૨-૮૮
મુદ્રક : શ્રીનાથજી પ્રિન્ટર્સ, રૂવાપરીરોડ, ભાવનગર-૩૬૪૦૦૧. ફોન : ૨૦૩૬૬

Book Post Shishuvihar Regd. No. GBV/46
[SECTION-2-RULE 113/D-EXPLANATION]

શ્રી

# શિશુવિહારના નવાં પ્રકાશનો




કિંમત રૂ.૧૦૦
પાના ૨૨૭
માનભાઈ ભટ્ટ સાથેના સેવા કાર્યો કરનાર
કર્મઠ મહાનુભાવો દ્વારા પ્રતિભાવ




કિંમત અમુલ્ય
પાના ૧૯૧
શિશુવિહાર સંસ્થાના ઉપક્રમે
૧૦૦ શ્રેષ્ઠ નાગરિકોનો સંક્ષિપ્ત પરિચય




કિંમત અમુલ્ય
પાના ૧૪૪
ગુજરાતની ઉત્તમ ૭૫ સેવા સંસ્થાઓનો
કાર્ય પરિચય આપતી પુસ્તિકા




કિંમત નિ:શુલ્ક
પાના ૨૦
પૂર્વ પ્રાથમિક શિક્ષણ માટે આયોજનબદ્ધ
તાલીમ ક્રમ




કિંમત અમુલ્ય
પાના ૪
વિદ્યાર્થીઓ માટે ૫૦
જીવનશિક્ષણ તાલીમ




કિંમત અમુલ્ય
પાના ૪૦
શ્રી માનભાઈ ભટ્ટનું સંક્ષિપ્ત જીવનચરિત્ર
(હિન્દી)

REGN.No.BVHO/46/2022-2024 • RENEWED UPTO Dt.31/12/2024
RNI REGISTRATION No. GUJGUJ/2009/30760
Posted at Bhavnagar RMS 17th Every Month

સંસ્થાને અપાતી આર્થિક સહાય 80-G(5) નીચે કરમુક્ત છે,
12A: 01- sub Clause (i) of clause (ac) of sub-section (1) of section 12A Dated 24/9/2021
80-G: 11-Clause (i) of first proviso to sub-section (5) of section 80G Dated 24/9/2021
PAN No.: AACTS4389Q
CSR Regi. No.: CSR00015366 Dated 27/9/2021

બેંકની વિગતો
નામ: 'શિશુવિહાર'
SBI નેટબેન્કિંગ અકાઉન્ટ નંબર: 32899173982
IFS Code: SBIN0060009
UPI ID : SHISHUVIHAR@SBI

SCAN & PAY
UPI QR CODE

જો આપ UPI ID અથવા QR કોડ સ્કેન કરીને સહાય મોકલી રહ્યા છો તો આપનું નામ, સરનામું તથા મોબાઈલ નંબર શિશુવિહારના Mo.7043332100 ઉપર મોકલી આપવા વિનંતી છે.

Shishuvihar Bhavnagar
Shishuvihar Bhavnagar
Shishuvihar
Shishuvihar

પરામર્શ સમિતિ
શ્રી ઈન્દિરાબહેન ભટ્ટ, શ્રી અનિલભાઈ બોરીચા, શ્રી દક્ષાબહેન ગોહેલ, શ્રી મનિષા કાગળી

To.

PRINTED, PUBLISHED AND EDITED BY DR. NANAK M. BHATT ON BEHALF OF SHISHUVIHAR PUBLISHED AT SHISHUVIHAR, NORTH KRISHNANAGAR, BHAVNAGAR (GUJARAT) AND PRINTED AT SUMEET PRINTERS, BEHIND MANUBHAI GANTHIYAWALA, NEAR DSP OFFICE, KASHIVISHWANATH TEMPLE, NAVAPARA, BHAVNAGAR, PIN: 364001. (GUJARAT) INDIA